





મરે એક કાંકરે અનેક એવું ચિંધાય છે,
ને બંધાય ખીલે એવું વિધેયક રંધાય છે,
વિંધાય સત્તા-પાંખ લોકપાલની આરપાર-
પછી કે'કોણ સિંહને તારૂં મોઢું ગંધાય છે!!




લોકપાલજી!
- બે'ક રીંગણ ખાઉં?!
- 'ખા, ને કરોડ'!..

જાડા ને જોઇ,
- હવે, દઇ ધો ફાંસી!
ગાંધી-નગરી..

(ગંડુની અંધેરી નગરી ને બહુમતિ રાજા!)

## ચિંતન

**પ્રારંભ્યતે ન ખલુ વિઘ્નભયેત નીચૈઃ પ્રારંભ્ય વિઘ્નવિહિતા વિરમન્તિ મધ્યાઃ ।**
**વિઘ્નેઃ પુનઃ પુનરપિ પ્રતિહન્યમાનાઃ પ્રારબ્ધ મુત્તમજનાઃ ન પરિત્યજન્તિ ॥**

'સામાન્ય સાધારણ લોકો કાર્યમાં વિઘ્ન આવશે એ ભયે કામ શરૂ કરતા જ નથી, અર્થાત પ્રવૃત્ત થવામાં જ વિલંબ કરે છે, જ્યારે મધ્યમ પ્રકારના લોકો કાર્ય જેમ તેમ શરૂ તો કરે છે પરંતુ એકાદ પણ નાનું-મોટું વિઘ્ન આવે કે તરત જ ગભરાઇને કે નાશીપાસ થઇને કામ અધ્ધ વચ્ચે જ છોડી દે છે પરંતુ શ્રેષ્ઠ-ઉત્તમ માણસો એ છે જે કામ શરૂ કર્યા પછી ગમે તેવાં નાનાં-મોટાં વિઘ્નો આવે છતાં પણ હાથમાં લીધેલું કામ કદી પણ છોડતાં નથી.'

આળશુ અને નિષ્ક્રિય લોકો, નવું કામ, નવું સાહસ પોતાની ઇચ્છા-મરજી-ઉત્સાહથી શરૂ કરતા નથી કોઇનાં આદેશ-આજ્ઞા-પ્રોત્સાહનથી તેને કાર્ય શરૂ કરવાનું કહેવામાં આવે તો પણ એમાં વિઘ્ન આવશે તો..! એવા વિચારથી કામથી દૂર રહેવા પ્રયત્નશીલ રહે છે.

કોઇનો સ્વભાવ પલાયનવાદી હોય છે. કામ-સાહસ-જવાબદારીથી હંમેશા સતત છટકવાના-નાશી જવાના પ્રયત્નમાં જ હોય છે. માંડ-માંડ કોઇ કામ શરૂ કર્યું હોય-પણ નાનું એવું વિઘ્ન, તકલીફ, મુશ્કેલી આવે કે તરત ઉકેલનો પ્રયત્ન કર્યા વિના છોડી દે છે અધુરૂં જ મૂકે છે.

એવા કોઇ વીરપુરૂષો જ હોય છે જે પોતાની ઇચ્છાથી નવાં નવાં સાહસ શરૂ કરે છે અને હિંમતપૂર્વક અંત સુધી મથી કાર્યને સફળતાના શિખર સુધી લઇ જાય છે.

## સુવિચાર

- યથાર્થ મહાન વ્યક્તિ ત્રણ ચિહ્નો પરથી જાણી શકાય છે, યોજનામાં ઉદારતા, તે પૂર્ણ કરવામાં સંપૂર્ણ નિષ્ઠા અને સફળતા મળ્યા પછી સંયમ **- બિસ્માર્ક**
- જે માણસ પોતાનું દુખ છુપાવી શકે તે તો મહાન છે જ પણ પોતાનો હર્ષ પણ છૂપાવી શકે તે મહામહાન છે **- લેવેટર**
- કોઇ પણ વ્યક્તિ ભૂલો કર્યા વિના મહાન ન થઈ શકે **- ગ્લેડસ્ટોન**
- જેનો પોતાના પર કાબૂ, સંયમ અને અધિકાર છે તે મહાન છે **- વિનોબા ભાવે**
- ગંભીર પરિસ્થિતિ જ મહાપુરૂષોનું વિદ્યાલય છે **- ગાંધીજી**
- તીવ્ર નિરીક્ષણ અને મક્કમ મનોબળ માણસને મહાન બનાવે છે **- બૂલવર**
- વિનય, વિવેક અને નમ્રતા જ તમને મહાનતાના દ્વાર સુધી લઇ જશે- **એસ. ભટાચાર્ય**

## બોધ કથા

પાપનું, વગર મહેનતનું, બે નંબરી અને કૌભાંડી, કમીશનનું, ખાઇ-ખાઇ આપણું લોહી પણ સાવ બગડી ગયું છે, 'ડાયાલીસીસ' કરાવવાથી પણ હવે જાજો ફર્ક પડે તેમ નથી.

જેમનું જીવન હજુ થોડું ઘણું સાત્વિક અને સાચું પરિશ્રમનું ખાતા હશે એમને 'આજે પણ' અનુભવ થતો હશે કે ખોટી વ્યક્તિ કે ખોટા ઘરનું અનાજ ખાવાથી એમનાં વિચાર-આચાર-વર્તન પર અસર દેખાય જ છે. આપણે નોંધ ન લઇએ - આંખ આડા કાન કરીએ કે 'રોજ જેવું જ લાગતું' તો હોય તો શું ખબર પડે!!

એક સત્યનિષ્ઠ સંત સ્વયંપાકી હતા પણ એક દિવસ એક શેઠના દુરાગ્રહથી ભંડારામાં જમવા ગયા, સંતને જમ્યા પછી બે કલાકે (વોમીટ) ઉલ્ટીઓ શરૂ થઇ. આંખે અંધારા આવવા લાગ્યા. અને એમાં એક લગ્ન પોષાક પહેરેલી કન્યા દેખાવા લાગી.

સંત સમજી ગયા કે ખોટો ખોરાક પેટમાં ગયો છે નિકળશે પછી જ શાંતિ થશે અને તપાસ શરૂ કરી. શેઠે ભંડારો શા માટે કર્યો?

- ખબર પડી, સગડ મળ્યા. શેઠને ચાર પુત્રીઓ હતી તેમાંથી એકને વૃધ્ધ સાથે પૈસા લઇને પરણાવી દીધી, હજારો રૂપિયા લીધા, પુત્રીએ આત્મહત્યા કરી, પિતા એનું પશ્ચાતાપ કરવા 'ભંડારો' કરાવ્યો.

આવું પાપનું અન્ન પેટમાં જાય તો 'સંત'ના પેટમાં કેમ ટકે? - આપણે તો પચી પણ જાય!!

# સાધન માત્ર સાધન હોતું નથી, સર્જકે પોતપોતાનું સાધન સર્જવાનું હોય છે, કલાકૃતિનાં નિર્માણમાં સર્જકતા અને પ્રતિભા મુખ્ય છે

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

**સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'**

**સાહિત્ય સર્જક : શ્રી હરિકૃષ્ણ પાઠક**
**મુલાકાતી : મૂળજી પરમાર 'દધિ'**
**- રૂબરૂ મુલાકાત**
**તા. ૫-૩-૨૦૧૩**
**સમય : ૧૧: ૦૦ થી ૧૨ : ૪૦**

**મૂળજી :** નમસ્કાર, મુરબ્બીશ્રી પાઠક સાહેબ!

**શ્રી હરિકૃષ્ણ :** નમસ્કાર મૂળજીભાઇ, પધારો.

મૂળજી : આપણે મુલાકાતનાં મંગલાચરણ કરીએ તે પહેલાં, સૌ પ્રથમ તો આપશ્રીને ધનજી કાનજી ગાંધી ચંદ્રક-૨૦૧૦થી, તા. ૩૧-૧૨-૨૦૧૧ને શનિવારના રોજ ગુજરાત સાહિત્ય સભાદ્વારા નવાજવામાં આવ્યા તે બદલ, અંતરનાં ઊર્મિભર્યા અભિનંદનસહ, દધિ છલકતી શુભકામનાઓ.

**શ્રી હરિકૃષ્ણ :** ખૂબ ખૂબ આભાર!

**મૂળજી :** આપના વિશેની માહિતી આપશો?

**શ્રી હરિકૃષ્ણ :** જન્મ તારીખ/જન્મ સ્થળ : તા. ૫-૮-૧૯૩૮, બોટાદ

માતા-પિતાનું નામ : માતા-મોંઘીબા, પિતા રામચંદ્ર જયંતિલાલ

અભ્યાસ : બીએસસી (ફીજીક્સ/કેમેસ્ટ્રી)

વ્યવસાય : નિવૃત્ત નાયબ સચિવ (કેબીનેટ) સામન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

**મૂળજી :** આપને સાહિત્યનું ઘલું કેવી રીતે લાગ્યું?

**શ્રી હરિકૃષ્ણ :** કુટુંબનાં સંસ્કારના કારણે. પિતા ચિત્રકાર હતા. વાંચવાનો શોખ સારૂં સાહિત્ય વાંચી સંભળાવતા. ભણવામાં આવતી કૃતિઓ પહેલાંથી પિતાશ્રીએ સંભળાવેલ હોય. આમ રસ જાગ્યો.

**મૂળજી :** સૌ પ્રથમ લખવાની પ્રેરણા ક્યારે થઇ?

**શ્રી હરિકૃષ્ણ :** કોલેજમાં હતો ત્યારે લખતો, પરંતુ લખવાની ખરી શરૂઆત સને ૧૯૬૧-૬૨થી કરી, જે સમયાંતરે અદ્યાપિ ચાલુ છે.

**મૂળજી :** આપનાં સાહિત્ય સર્જનનું પરિબળ અને પ્રેરક બળ કયું છે?

**શ્રી હરિકૃષ્ણ :** મારી સંવેદનશીલતા, પિતાના અમોલા સંસ્કાર અને સાહિત્ય તથા બીજી કલાઓ પ્રત્યેની રૂચિ. માણસમાં મને અખૂટ રસ હોવાથી સાહિત્ય સર્જાયું. પિતાશ્રી મારા પ્રેરણામૂર્તિ તરીકે છે.

**મૂળજી :** આપે સાહિત્યસર્જન ક્યારથી શરૂ કર્યું અને આપની પ્રથમકૃતિ કઇ?

**શ્રી હરિકૃષ્ણ :** સને ૧૯૬૧-૬૨થી કટાક્ષિકાઓ, વાર્તાઓ લખી. કવિતા લખવાની શરૂઆત ૧૯૬૫થી થઇ. વાર્તાઓ પછી કિશોરકથા અને બાલકાવ્યો લખાયાં. જુદા જુદા તબક્કે, જુદા જુદા સાહિત્ય પ્રકારોમાં સાહિત્ય સર્જન કર્યું છે. પ્રથમકૃતિ "સૂરજ કદાચ ઊગે" કાવ્યસંગર્હ - સને ૧૯૭૪માં બહાર પડ્યો.

**મૂળજી :** આપની સર્જનાત્મક સાહિત્યમાં માનો છો કે આધ્યાત્મિક સાહિત્ય સર્જનમાં? શા માટે.

**શ્રી હરિકૃષ્ણ :** સાહિત્ય કૃતિ થાય, એ મારૂં મુખ્ય લક્ષ્ય અને ધ્યેય છે. સમાજની વ્યાપક સંવેદના અનુસાર અવનવા રંગો આવે ખરા, પરંતુ મુખ્ય લક્ષ્ય તો સાહિત્યકૃતિ છે. મારી નિષ્ઠા છે. તે કલાનિષ્ઠા છે જેમાં સર્જનાત્મક કે આધ્યાત્મિક જેવો ભેદ નથી.

**મૂળજી :** દલિત સાહિત્ય વિષે આપનું શું મંતવ્ય છે?

**શ્રી હરિકૃષ્ણ :** સાહિત્યમાં આવા ભાગ પાડવામાં હું માનતો નથી. સાહિત્ય, સાહિત્ય બને તેજ ખૂબ જરૂરી છે. કોઇ સાહિત્ય કોમ-જ્ઞાતિગત ન હોઇ શકે. સાહિત્યનાં ક્ષેત્રમાં આવી વાડાબંધીમાં હું ન પડું. સાહિત્યકૃતિની પરીક્ષા-ચિકિત્સા સાહિત્યનાં ધોરણએ જ થાય, તે ઇષ્ટ છે.

**મૂળજી :** આધુનિક સાહિત્ય વિશે આપશ્રીનું શું મંતવ્ય છે?

**શ્રી હરિકૃષ્ણ :** આધુનિક સાહિત્યને વૈશ્વિક સંદર્ભ અર્થમાં લઉં છું. તે એક જ દેશનું ન હોઇ શકે. તેમાં કલાનિષ્ટાને મૂલ્ય આપવામાં આવે છે, સાથોસાથ કૃતિને પણ મૂલ્ય અપાય છે. મુખ્ય લક્ષ સંવેદના છે, જે અનેક સંદર્ભે ગૂંથાઇને આવે છે. તેમાં જે વેદના-સંવેદના અને જે ચેતના હોય છે - પ્રગટે છે, તે આધુનિક હોય છે. સમયમાં સંદર્ભે અને કૃતિની રચનાનાં સંદર્ભે આધુનિક સાહિત્ય જુદું પડે છે.

**મૂળજી :** અનુઆધુનિક સાહિત્ય વિષેનાં આપના વિચારો જણાવશો?

**શ્રી હરિકૃષ્ણ :** આપણે ત્યાં કહેવાય છે કે આધુનિક સાહિત્ય પ્રજા સુધી પહોંચતું નથી તેવો ખ્યાલ છે. જયારે અનુઆધુનિક સાહિત્ય તળપદ તરફ વળ્યું છે. માત્ર મનોવિશ્લેષણમાં રાચનારૂં નહીં, પરંતુ તળભૂમિ સાથે વિશેષ અનુસંધાન હોય છે. આધુનિક સાહિત્યે કલાનાં જે પાઠ શિખવ્યા છે, જે જાળવી રાખ્યા છે. અને આજે પણ પરિષ્કૃત કૃતિઓ ગણાય છે તેનો અને આધુનિક સાહિત્યનો લાભ અનુઆધુનિકને મળ્યો હોય તેમ માનું છું. અનુઆધુનિક એટલું નવું નથી, અગાઉ સિધ્ધ થયેલું છે. અનુઆધુનિક સાહિત્યે પરિષ્કૃત સાહિત્યની નવી સંજ્ઞા આપી છે. ટેકેદારો પોતે, જે નવું રચેલાનો દાવો કરે છે તેવું આધુનિક સાહિત્યનો અગાઉ યુગ આવ્યો તે પહેલાં રચાઇ ચૂક્યું હતું, તે બહુ નવું નથી. સુંદરમ્, ઉમાશંકર અને દ્વિરેફ પાસેથી પ્રાણવાન વાર્તાઓ મળી છે.

**મૂળજી :** આજકાલનાં સામયિકો વિશેનું આપશ્રીનું મંતવ્ય જણાવશો?

**શ્રી હરિકૃષ્ણ :** ઉત્તમ સામયિક 'ઉદ્દેશ' બંધ પડ્યું. બીજા સામાયિકોમાં - શબ્દસૃષ્ટિ, પરબ, નવનીન સમર્પણ, કુમાર, બુધ્ધિ પ્રકાશ, કવિલોક અને કવિતા અને કંઇક અંશે અખંડાનંદ વ્યાપાકરીતે વંચાતા સામયિકો છે. આ સિવાય મુખ્યત્વે યુનિવર્સિટીઓમાંથી નિવૃત્ત થયેલા પ્રાધ્યાપકો/અધ્યાપકો, પોતાનું વજૂદ સિધ્ધ કરવા માટે આગવાં સામયિકો શરૂ કરે છે. જે યથાકાળે બંધ પડી જતાં હોય છે. અલબત્ત, આમાં ક્યારેક સાહિત્ય પદારથને વધુ ગંભીર ભાવે ઉપાસવાનો અને કંઇક વિશેષ હાંસલ કરવાનો, નિષ્ઠાપૂર્વકનો પ્રયત્ન પણ જોવા મળે છે. અપવાદ રૂપે, આપણે રમણ સોનીનું "પ્રત્યક્ષ" ટાંકી શકીએ, જેમણે ગ્રંથ બંધ પડ્યા પછી વિવેચન અને આચોલનાના ક્ષેત્રે અને વિવિધ પ્રવાહોની ઓળખ આપવા અંગે નોંધપાત્ર કામ કર્યું છે અને કરી રહ્યું છે.

મુખ્ય લક્ષ્ય સાહિત્ય રહેતું નથી એવાં સામયિકો છે. નાના કેન્દ્રોમાંથી સામયિકો શરૂ થતાં હોય છે. છાલક, કવિ, વિદ્યાનગરનું વગેરે. ગદ્યના ખેડાણનાં મુદ્દે "ગદ્ય પર્વ" સામયિકે કેટલીક મહત્વની કલમોને સક્રીય કરેલી. સમાજનિષ્ઠા સાથે શરૂ થયેલા અથવા ચોક્કસ વિચાર કે હેતુની પ્રતિબધ્ધતાથી શરૂ થયેલાં સામયિકોમાં સાહિત્યની નોંધ લેવાય છે, અથવા થોડુંક સ્થાન પણ મળે છે, પરંતુ તેમનો ઉદ્દેશ કંઇક જુદો જ હોય છે. પ્રતિબધ્ધતાનો ઉહાપોહ, એ તો તેમનું મુખ્ય લક્ષ્ય હોય છે!

**મૂળજી :** આપશ્રીનાં પ્રિય સામયિકો કયાં છે?

**શ્રી હરિકૃષ્ણ :** શબ્દસૃષ્ટિ, પરબ, નવનીય સમર્પણ, કુમાર, બુધ્ધિપ્રકાશ, કવિલોક અને કવિતા.

**મૂળજી :** સાહિત્યમાં પ્રતિબધ્ધતા બાબતે અને આપશ્રીનો અંગત અભિપ્રાય શું છે?

**શ્રી હરિકૃષ્ણ :** પ્રતિબધ્ધતા સાહિત્ય માટે કૃતિ લક્ષ્ય નથી હોતી કે કલા લક્ષ્ય નથી હોતી, પરંતુ તે સાધન છે અને છતાં કલાકૃતિના નિર્માણ સાથે પણ પ્રતિબધ્ધતાનું લક્ષ્ય હાંસલ થઇ શકે તેવું બનતું રહ્યું છે. મેઘાણીની રચનાઓ, ઉમાશંકરની રચનાઓ અને સુંદરમ્‌ની રચનાઓ આના પ્રમાણરૂપે ટાંકી શકાય, મૂળ લક્ષ્ય તરીકે નહીં; પરંતુ સાધન અને સાધ્ય બંને એક બને ત્યારે કૃતિનું નિર્માણ થઇ શકે. આમ તો સાધન સિધ્ધ કરવાનું હોય છે. સાધન માત્ર સાધન હોતું નથી. સર્જકે પોતપોતાનું સાધન સર્જવાનું હોય છે. કલાકૃતિનાં નિર્માણમાં સર્જકતા અને પ્રતિભા મુખ્ય છે.

**મૂળજી :** ગુજરાતી સાહિત્ય પરિષદ વિષે આપશ્રીનું શું મંતવ્ય છે?

**શ્રી હરિકૃષ્ણ :** ગુજરાતી સાહિત્ય પરિષદમાં હું પોતે સક્રીય રહ્યો છું. હું દ્રઢપણે માનું છું કે, આપણા ઉત્તમ સાક્ષરોએ તેમાં પોતાનું યોગદાન આપ્યું છે. જે લોકો સક્રિય ઘસારો વેઠીને કામ કર્યું છે. પરિષદમાં કામ કરનાર કંઇક જતું કરે છે - પોતાના ઉત્તમ સાહિત્ય કે રચનાનાં ઇનામો - પારિતોષિકો લેતા નથી. તેઓ સમર્પણભાવથી આવે છે.

લાભ લેનાર અને ટીકા કરનાર, એવા બેવડા લાભ લેનાર ઘણા છે. પરિષદનું એકંદર વલણ સમુદાર છે. ગુજરાતમાં સાહિત્ય પરિષદ પાસે પોતાનું એક ભવન છે, તેવાં દેશમાં અન્યત્ર ભાગ્યે જ હશે! જે વ્યાપક લોકસહકારથી થયેલ છે. તેનું કારણ કામ કરનારની વ્યાપક લોકનિષ્ઠા, એ પરિષદનું ધારક બળ છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# માત્ર અને માત્ર એક વર્ષમાં અઠ્ઠાવન સોનાનાં દોરા તોડયા છે, ૨૦૧૨નું વર્ષ મારા માટે સફળ, અત્યંત સફળ રહ્યું. દોરો ખેંચવો, તોડવો, કાપવો, લૂંટવો એ જેટલું સહેલું છે, એટલું સહેલું બીજું કંઇ જ નથી, પરંતુ... એ લૂંટ્યા પછી રફુચક્કર થવું અઘરૂં છે

## ધૂપસળી ધુણાવે આકાશ

**- ગિરા પિનાકીન ભટ્ટ**

## મહાસંમેલન... મહાચોરોનું

એક મહિના અગાઉ ફોર્મ ભરી પ્રવેશપત્ર મેળવ્યું. આ કોઈ સામાન્ય સંમેલન નથી. મહાસંમેલન છે મહાસંમેલન.

દીપ પ્રાગટ્ય, પ્રાર્થના, આવકાર જેવી રસમો અહીં અસ્થાને છે. હાજર સહુ જાણે છે કે હું કોણ છું. પણ ક્ષોભને તો અહીં No Entry ચોર ભલે પણ ચારગણા ચડી જાય શાહુકારોથી. કૃષ્ણચોર હતા મહાચોર. છતાં... પૂજાયા કે નહીં? આપણે જે કંઇ કરીએ છીએ એ આખરે કોના વાસ્તે? ...કૃષ્ણને બહોલો પરિવાર એટલે વિશ્વનો મહાચોર બન્યો હશે, પરંતુ... આપણે પણ આપણા હથિયાર હેઠાં મૂકવાનાં નથી.

સંમેલનની પૂર્વભૂમિકા બંધાઈ રહી. આગંતુક મહેમાનો પણ આપણામાંના જ છે. ગઈકાલ ૨૦૧૨માં માત્ર અને માત્ર એક જ વર્ષમાં અઠ્ઠાવન દોરા તોડી વિક્રમ નોંધાવનાર શ્રી ચડ્ડી-બંડી ધારી, તો બીજા ક્રમે બેઠેલા સાત ચાલીસ વર્ષથી અણનમ રહ્યાં છે, તેવી શ્રી બુરખારામ પાછલી હરોળમાં બેઠેલા મારા જેવા નવા નવાઓને લાગી નવાઈ. ઊભા થઈ પૂછી લીધું, 'આ સંમેલનમાં સાવ નવા જ છીએ. ચાલીસ વરસથી અણનમ...? અમને કંઈ સમજાતું નથી. પછી તો પાછળથી અવાજો આવતા રહ્યાં... સંભળાતું નથી, સમજાતું નથી...'

'સાંભળો, ચાલીસ વરસથી ચોરી કરવા છતાં હજુ સુધી પકડાયા નથી. એવા આપણા ભિષ્મપિતા સમા બુરખારામ... ભાવિ પેઢીને શીખ દેષે.'

'ચોર મિત્રો, ચોર મેરા નામ, ચોરી મેરા કામ.'

(અ-બ-ક)

અબક મેરા ગામ, અંધેરે મેં મુકામ
સોતા હુ આઠે જામ, શામ મેં ભીડતા હામ
રામ તેરે યે ધામ, દેદે મૂજે દામ તમામ

સંતોષ રાખ્યો તો ગયો કામથી... આપણે સંતોષ સાથે સંબંધ રાખવો ન પાલવે. વળી, 'ફરે તે ચરે, ને બાંધ્યો ભૂખે મરે..' એમ ભ્રમણ કરતા રહેવું. આજે ઇડરમાં હાથફેરો કર્યો તો કાલ પરમ દા'ડે સૂરત જવું. એક દિશા ન પકડવી, એક વેશ ન પહરેવો. ચંપલ, બૂટ કે સેન્ડલ બંને પગે એક સરખાં નહીં પહેરવા. એક પગે સેન્ડલ તો બીજા પગે બૂટ એવાં ઉપાયો અજમાવવા. એક પગે ૬ નંબર તો બીજા પગે ૭ નંબરના સ્લીપર પહેરવા. તરકીબો શોધવી, મગજ કસવું, જુઓ, બેઠો છું ને બોત્તેર વર્ષે એવો ને એવો. ચાલીસ-ચાલીસ વરસથી હંફાવું છું. લોકો ને, પોલીસને ઠામ-ઠેકાણા શું, નામ પણ નથી જાણતી, ગંધ શું આવે હેં કોઈને ? કાચા-પોંચા રહેવું આપણને ન પાલવે. ઢીલા રહ્યા તો ગયા કામથી - છપ્પનની છાતી રાખી ધંધો કરવો. બીએ એ બીજા - નું રટમ રાતદિવસ કરવું.

છેલ્લે... દોડવાની કસરત કરતા રહેવું. ભાલાફેંક રમત હવે ભૂલાઇ ગઇ છે. પરંતુ... પથ્થર ફેંક રમત અજમાવવી. તાળાં તોડવાં, શટલ કાપવા, ચેઈન ખેંચવી, કાનની બૂટ ખેંચી લેવી, મંદિરો લૂંટવા (મંદિરો કી ઐસી-તૈસી) બેંકો લૂંટવી. દરેક વખતે નવતર પ્રયોગ આદરવા. 'કરેલું વ્યર્થ જતું નથી. બસ લગે રહો મુન્નાભાઈ...'

'ડર ગયા, સાલા મર ગયા.' મને 'ભિષ્મપિતા' નું બિરૂદ આપ્યું તે બદલ સહુનો આભાર. આપ સહુની શુભકામનાઓથી આ ક્ષેત્રે અણનમ છું અને રહીશ એની ખાતરી આપું છું - મારી સાથે ગજવો નારા...

નહી રહેગા નહી રહેગા ... ગલેમેં દોરા નહીં રહેગા।
નહીં બચેગી નહીં બચેગી... બેંક એક ભી નહીં બચેગી।

આ ક્ષેત્રમાં સહુની પ્રગતિ થાય, અને સફળતા જ સફળતા મળે તેવા આશિર્વાદ સાથે...

તાલીઓનાં ગડગડાટ, આવી અંગત વાતો કોઈ ન કરે. આપણા આ વડીલોએ ખુબ સુંદર ટીપ્સ આપી. આભાર એમનો. હવે... વિક્રમ નોંધાવનાર ચડ્ડી-બંડ્ડીધારી આપણને કંઈક જણાવશે.

માત્ર અને માત્ર એક વર્ષમાં અઠ્ઠાવન સોનાનાં દોરા તોડયા છે. ૨૦૧૨નું વર્ષ મારા માટે સફળ, અત્યંત સફળ રહ્યું. દોરો ખેંચવો, તોડવો, કાપવો, લૂંટવો એ જેટલું સહેલું છે. એટલું સહેલું બીજું કંઇ જ નથી. પરંતુ... એ લૂંટ્યા પછી રફુચક્કર થવું અઘરૂં છે. એ માટે દિશા અગાઉથી નક્કી કરી લેવી, લોકોને, રફફુચક્કર થવું અઘરૂં છે. એ માટે દિશા અગાઉથી નક્કી કરી લેવી. લોકોને, પોલીસને થાપ કેમ આપવી?... સ્ત્રીઓને કયાં કઈ જગ્યાએ લૂંટવી એના વિચારો કરતાં રહેવું. અને એને ઓપ આપવા જાગૃત રહેવું. સોનાનાં ભાવ વધ્યા... તો એટલા ગુન્હેગારો વધ્યા. આપણામાં પણ ઘણી કોમ્પીટીશન ચાલે છે. છતાં... અઠ્ઠાવન દોરાનો હું આજે ધણી છું. વળી વેચવાની ઉતાવળ કદી ન કરવી.

એક ચોરે બીજાનો માર્ગ ન રોકવો. વળી એક સ્ત્રીના દોરા ઉપર બબ્બે જણાંની નજર હોય તો... એક મારગ બદલી નાખવો. એક મારણ ઉપર બંને સિંહ ન લડવા જોઈએ. કાંતો બંનેએ સંપીને કાર્ય પાર કરવું. પછી વહેંચણી કરી લેવી. આપણા કાર્યમાં જેટલો સંપ એટલી સફળતા હાથે પહેરેલી બંગડીયો કરતાં ડોક ઉપર નજર રાખવી. જેમ સર્કલે ઊભા પોલીસોની નજર હેલમેટ ઉપર અને ગાડીનાં બેલ્ટ ઉપર રહે છે તે રીતે.

બીજું... પકડાવાય જ નહીં તેવી રીતે કાર્ય કરવા. અને તે છતાંય જો પકડાઈ જઈએ તો... સાથીનું નામ હરગિજ ન દેવું... નહીંતર... તું મરે જેલમાં ને તારાં સગાં-વ્હાલાં મરે બહાર. ભલા આવી ભૂલ ન કરાય.

ભણેલો-ગણેલો વર્ગ વિમા ઉતરાવે છે. પોલિસીઓ લે છે. મૃત્યુ પાછળનાઓને વાસ્તે! આમ તોડેલા, ખેંચેલા, લૂંટેલા દોરાઓની ધણિયાણી પાછળ બેઠી છે. આપણે પણ બાળ-ગોપાળ વાળા છીએ. યે રખે ભૂલતા. હવે તે સતયુગ રહ્યો નથી. અત્યારે તો બધી ય રાજી - રાજીથી જોડાય આપણી સાથે. પાપ-પુણ્યની વાતો સાચી કેટલી? ... ને કોણ જોવા ગયું છે હેં...?

રામ અને શ્યામજી જાણતા હોય તો લુંટાય નહીં. બની-ઠનીને બેઠેલી માતાજીઓનાં હાર કે મુગટ જાય છે તો બીજા આવી જાય છે. કયાં પરવા છે અત્યારે કોઈને કોઈની...?

(અનુસંધાન પાના નં. ૬ પર)

# થોડા દિવસ પહેલાં બોબની કોલેજકાળની ગર્લફ્રેન્ડ ડેલા મળવા આવી હતી, કોલેજકાળના એ ભૂતકાળને યાદ કરી કેવી ખીલી હતી, એની સાથે બોબ પણ બહુ ખીલ્યો હતો

## રંગીલો મિત્ર - સં-વેદના

**- જય ગજ્જર**

છેલ્લા બે ત્રણ મહિનાથી પત્ની મોનાના બદલાયેલા વર્તનથી બોબ પડી ભાંગ્યો હતો. રોજ કોઈને કોઈ બાબતમાં કકળાટ કર્યા કરતી આજ ઓફિસે પહોંચતાં જ પત્નીનો સેલફોન આવતાં બોબ ઓફિસેથી સીધો ઘરે પહોંચ્યો. તેની પત્ની મોના સોફા પર આડી પડી હતી. બોબને સામે જોતાં જ સવાલ કર્યો, 'કોનું કામ છે?'

'હું બોબ છું. ડિઅર તને એકાએક શું થઈ ગયું ? કેમ ફોન કર્યો હતો?'

'મેં વળી ક્યાં તને ફોન કર્યો હતો? સાચું કહેજે પેલી ડેલાએ ફોન કર્યો હતો?'

'કોણ ડેલા?'

'મને બધી ખબર છે. તને ડેલાએ જ ફોન કર્યો હશે... મારી આગળ આમ નાટક ખેલવાનું છોડી દે !' ઘેલછામાં હોય એમ બબડવા લાગી.

'તું મારી પત્ની મોના છે અને હું તારો પતિ બોબ છું. બોલ હવે તને કંઈ સમજાય છે?' મોનાની નજીક બેસતાં પ્રેમથી બોબ બોલ્યો.

મોનાએ એક હરફ ન ઉચ્ચાર્યો અને બોબ સામે તાકી રહી. એનાં નયનોમાં પ્રેમનો ઊભરો ન જોતાં એણે નજીક સરકી એનો એક હાથ પોતાના હાથમાં લઈ ફરી પૂછ્યું, 'તારા બોબને નથી ઓળખતી? ડિઅર, તબિયત બરાબર નથી?'

'રાસ્કલ, ઘરે એક સ્ત્રીને એકલી જોઇ તું કઇ બદઇરાદે તો મારા ઘરમાં નથી ઘસી આવ્યો ને?'

બોબ મોનાનાં શબ્દો સાંભળી ગભરાઇ ગયો. આ સપ્તાહમાં આવું અણ કલ્પિત ત્રીજી વાર બન્યું હતું.

બે દિવસ પહેલાં જ બોબને જાણએ ઓળખતી જ ન હોય એમ એલફેળ સવાલો કર્યા હતા. આજે તો ફોન કરી એને ઓફિસેથી ઘરે બોલાવ્યો હતો.

થોડા દિવસ પહેલાં બોબની કોલેજકાળની ગર્લફ્રેન્ડ ડેલા મળવા આવી હતી. કોલેજકાળના એ ભૂતકાળને યાદ કરી કેવી ખીલી હતી. એની સાથે બોબ પણ બહુ ખીલ્યો હતો. એ ગઇ એટલે બોબને પૂછેલું, 'તમને ડેલા બહુ ગમે છે? તમારા જીવનમાં હું ન હોઉં તો એને પત્ની તરીકે સ્વીકારો ખરા?'

'કેવો પાગલ જેવો સવાલ કરે છે? એ મારી જૂની ગર્લફ્રેન્ડ હતી પણ મારા મૃત મિત્રની પ્રેમાળ પત્ની હવે તો વિધવા બની છે.'

'એટલે જ કહું છું. હવે તો તમારો માર્ગ મોકળો બની ગયો છે!'

અને એ પછી એનું વર્તન બદલાતાં આજ બોબ મોનાને લઇએક સ્પેશિયાલીસ્ટ મિત્ર પાસે ગયો.

મોનાની તપાસ કરી ડોકટરે હેન્રીએ કહ્યું, 'મોનાને સાત દિવસ બહુ કેર લેવી પડશે. દોસ્ત, ધ્યાન રાખજે!'

'શું લાગે છે?'

'એલઝાઇમર હોવાની મને શંકા છે. સમગ્ર ભૂતકાળ એ ભૂલી ગઇ હોય એવું લાગે છે.' ડોકટરે નિદાન કર્યું.

બોબે નિરાશ થઇ પૂછ્યું. 'તમે કોઇ દવા પ્રિસ્ક્રાઇબ કરશો?'

'એની કોઇ દવા નથી, બોબ, એ કયાં કયારે જાય છે અને હવે એનું ઘર પણ ભૂલી જવાની! જરા નજર રાખજે!'

ઘેર આવી મોનાની સંભાળ રાખવા એક કેર ટેકર રાખી. થેલમા સતત એના પર નજર રાખે એવી સૂચના આપી એ નચિંત બન્યો.

પણ બે સપ્તાહ પછી એની ચિંતા વધી ગઇ. ઓફિસેથી ઘરે આવ્યો ત્યારે મોના ઘેર નહોતી. એણે ચારે બાજુ તપાસ કરી પણ મોના મળી નહી. છેવટે મોનાંના ફોટા સાથે બામતી આપનારને મોટું ઇનામ આપવાની રકમ જણાવી એક જાહેરખબર વર્તમાનપત્રોમાં આપી અને પોલીસમાં ફરિયાદ પણ નોંધાવી. બે સપ્તાહ મોનાની રાહ જોતો રહ્યો. પણ કોઇ અણસાર નહોતો.

જાહેર ખબર વાંચી એક દિવસ એક બહેને એના ઘરનાં દરવાજે આવી ડોર બેલ દબાવ્યો.

ઝડપથી દોડી દરવાજો ખોલ્યો તો સામે એક અજાણી, સુંદર પ્રૌઢ સ્ત્રી ઊભી હતી.

'મારૂં નામ પેગી છે.' અને છાપાની જાહેરખબર સામે ધરતાં બોલી, 'આ બહેનને હું ઓળખું છું. એક અઠવાડિયા પહેલાં મેં એમને જોયેલાં. અમારા ગામ ફોર્ટ મેકમરીમાં નવા આવેલા ડોકટરને ઘેર હું સાફસૂફી કરવા ગયેલી. એમનાં પત્ની તો ઘેર હતાં નહિ પણ બેડરૂમમાં એમનાં ટેબલ પર મેં આ ફોટો જોયેલો.'

'શી ખાતરી કે એ મારી મોના છે?'

'બે દિવસ પહેલાં હું કામ કરવા ગયેલી ત્યારે નામ ફેરબદલીનો એક કાગળ આ ફોટો મેં એમની બેડરૂમમાં જોયેલો. કુતૂહલ થતા મેં એ વાંચ્યો. તમારી આ જાહેરખબર જોતાં હું આલ્બર્ટના એ ગામથી દોડી આવી છું. એ તમારી મોના જ છે. નહીંતર ડોકટર બેડરૂમમાં આ ફોટો કેમ રાખે? નામ છુપાવવા નામ બદલ્યું હશે! સાચે જ ડોકટર બહુ રંગીલા છે. સૌંદર્યના એ પ્રેમી છે. સુંદર સ્ત્રીઓ જોતાં એમનું મન ચલિત થાય છે. અને એને ફસાવવા પ્રયાસ પણ કરે છે. મારા સૌંદર્ય પાછળ પણ એ ઘેલો બનેલા. પણ હું એમની જાળમાં ન ફસાઇ. તમારી આ જાહેરખબર વાંચતાં હું જાણી ગઇ કે મોનાને પણ એ ફસાવીને લાવ્યા હશે.'

'શું નામ છે એ ડોકટરનું?'

'ડોકટર હેન્રી શાર્પ! પહેલાં આ ગામમાં જ હતા ને?' 'એ તો મારા મિત્ર હતા!'

(અનુસંધાન પાના નં. ૬ પર)